# HEADLINES AT 08:30 AM DT.06-06-2024

## આકાશવાણી ભુજ.... પ્રસ્તુત છે મુખ્ય સમાચાર...

- એનડીએના નેતા તરીકે સર્વ સમંતિથી પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીની પસંદગી કરાઇ.નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં એનડીએના નેતાઓની બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયો.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 17મી લોકસભા ભંગ કરી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાની સરકારનું રાજીનામુ સુપરત કરીને કેબિનેટે કરેલા સૂચન બાદ લોકસભાનું વિસર્જન.
- નવી દિલ્હી સ્થિતિ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડેગેના નિવાસસ્થાને ઇન્ડિયા ગઠબંધનના નેતાઓની મળી બેઠક.રાહુલ ગાંધી, સોનિયા ગાંધી સહિતના નેતાઓ બેઠકમાં ઉપસ્થિત રહ્યા.
- રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં ‘નમો વડ વન’ની મુલાકાત લીધી - અમદાવાદમાં 'મિશન થ્રી મિલિયન ટ્રીઝ' અભિયાનનો પ્રારંભ કરાવ્યો.
- ગાંધીનગરના વન ચેતના કેન્દ્ર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી - ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડે તૈયાર કરેલા પ્લાસ્ટિકની બૉટલનો નાશ કરતા મશીનનું ઉદ્દઘાટન કરાયું.
- કચ્છમાં મેલેરિયા ફેલાવાની શક્યતા ધરાવતા વિસ્તારોમાં 340 જેટલા નિદાન કેમ્પનું આયોજન.
- જિલ્લા પંચાયત કચેરી,ભુજ ખાતે ફાયર સેફટી અંતર્ગત મોકડ્રીલનું આયોજન કરાયું.
- આ ચોમાસા દરમ્યાન સામાજીક વનીકરણ વિભાગ અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે મળી  વન વિભાગ દ્વારા ઉત્તમ પ્રકારના રોપા ભરી કચ્છ જિલ્લાના ૧૦ તાલુકાના ગામડાઓમાં “વૃક્ષરથ” ફેરવવામાં આવશે.
- કંડલા ખાતે ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડના એલપીજી ઈમ્પોર્ટ ટર્મિનલમાં ત્રીજા લેવલના ડિઝાસ્ટર વખતે જિલ્લા વહીવટીતંત્ર સાથે સુચારુ સંકલનથી રાહત બચાવની કામગીરી માટે ઓફસાઈટ મોકડ્રિલનું આયોજન કરાયું.

- રાપરમાં વન વિભાગ અને પોલીસે વૃક્ષારોપણ કરી વિશ્ર્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરી
- નૈઋઍત્યનું ચોમાસું ઝડપભેર આગળ વધી રહ્યું છે, તો અરબી સમુદ્રમાં એક સિસ્ટમ સક્રિય થવાની શકયતા વચ્ચે કચ્છમાં પણ આગામી સપ્તાહે પ્રી-મોન્સૂન ગતિવિધિ શરૂ થાય તે માટેનો અનુકૂળ માહોલ સર્જાઈ રહ્યો હોવાનું હવામાન વિભાગે જણાવ્યુ છે.
- શાળા પરિવહન વાહનોમાં અગ્નિ શમન સાધનો અનિવાર્ય હોવાનો આદેશ રાજ્ય માર્ગ વાહન વ્યવહાર વિભાગ દ્વારા અપાયો છે. ખુલતા વેકેશને છકડા,વેન,બસોની તપાસ કરવાના આદેશ અપાયા છે.

હવે પછીના સમાચાર 9-30 મિનિટે